ક્રમાંક:રાપબો/NMMS/2022/6985-7205

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા-૨૩/૦૮/૨૦૨૨

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1547
શાખાનું નામ: પ્રાથમિક
તારીખ: 25-8-22
સહી:

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ
નોડલ ઓફીસરશ્રી, તમામ

વિષય: NSP (National Scholarship Portal) પર NMMS ના લાભાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના NMMS યોજના વર્ષ-2022-23ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં "નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" પર કરવાની થાય છે.

ગત વર્ષે આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ નોડલ ઓફીસરશ્રી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવેલ હતી. ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાએ આ કામગીરી સફળતાપૂર્વક ચાલુ થઇ ગયેલ છે.

આ બાબતે વખતોવખત શિક્ષા મંત્રાલય દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે. જે ધ્યાને લેતા જરૂરી માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે તેને ધ્યાને લઇ અને NSP પોર્ટલની સૂચનાઓ ધ્યાને લઇ નીચેની સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરાવવા વિનંતી છે.

➢ <u>સમયમર્યાદા</u>

- શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની ઓનલાઇન ફ્રેશ તેમજ રીન્યુઅલ એપ્લીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશનમાં જણાવ્યા અનુસાર **http://www.scholarships.gov.in પર એપ્લીકેશન સબમીટ** કરવાની **અંતિમ તારીખ :-15/09/2022**
- વિદ્યાર્થીની ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશનમાં જણાવ્યા અનુસાર http://www.scholarships.gov.in પર ઓનલાઇન <u>સ્કૂલ વેરીફીકેશન</u>ની કરવાની <u>અંતિમ તારીખ :- 01/10/2022</u>
- <u>જિલ્લા નોડલ ઓફીસરે</u> વિદ્યાર્થીની જિલ્લા વેરીફીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશનમાં જણાવ્યા અનુસાર http://www.scholarships.gov.in પર ઓનલાઇન <u>જિલ્લા વેરીફીકેશન</u>ની કરવાની <u>અંતિમ તારીખ :- 15/10/2022</u>

બિડાણઃ માર્ગદર્શક સૂચનાઓ

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પરિપત્ર નં :- ૬૬૨

ક્રમાંક:-પ્રાથમિક/NMMS/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી.
તા.૨૫/૦૮/૨૦૨૨

ઉક્ત પરિપત્ર જાણ તથા અમલ સારૂ.....

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
આ જિલ્લાની માધ્ય અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.અમરેલી

Scanned with CamScanner

## માર્ગદર્શક સૂચનાઓ:

1. વર્ષ-૨૦૨૧ની NMMS પરીક્ષામાં મેરીટમાં આવેલ વિદ્યાર્થીઓનો સંપર્ક કરવા માટે તેઓના ધોરણ-૯ ના ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનું નામ, સરનામું, ડાયસ નંબર, વિગેરે વિગતો સાથેની યાદી આપવામાં આવેલ છે.
2. સી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની એપ્લીકેશન NSP (National Scholarship Portal) માટેની વેબસાઇટ http://www.scholarships.gov.in પર ઓનલાઇન એપ્લીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશન તથા વિડીયોમાં દર્શાવ્યા અનુસાર સંબંધિત તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન કરવાની રહેશે.
3. ઓનલાઇન એપ્લીકેશનની પ્રક્રીયા બાદ વિદ્યાર્થીની ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશન તથા વિડીયોમાં દર્શાવ્યા અનુસાર શાળાના આચાર્યની હાજરીમાં સંબંધિત તમામ વિદ્યાર્થીઓની સ્કૂલ વેરીફીકેશનની પ્રક્રીયા કરવાની રહેશે.
4. જે શાળાઓ દ્વારા ગત વર્ષે NSP (National Scholarship Portal) માટેયુઝર આઇડી-પાસવર્ડ મેળવેલ છે તે યુઝર આઇડી-પાસવર્ડથી ચાલુ વર્ષે પણ વેરીફીકેશન પ્રક્રીયા કરી શકાશે. જો શાળા પાસે યુઝર આઇડી-પાસવર્ડ ના હોય તો જિલ્લા નોડલ ઑફીસર પોતાના લોગીનમાંથી યુઝર આઇડી-પાસવર્ડ રીસેટ કરી શકશે. આ માટેની પદ્ધતિ પ્રેઝન્ટેશનતથા વિડીયોમા આપેલ છે.
5. જો શાળા NSP (National Scholarship Portal) પર એડ થયેલ ના હોય તો જિલ્લા નોડલ ઑફીસર પોતાના લોગીનમાંથી શાળા એડ કરી શકશે. આ માટેની પદ્ધતિ પ્રેઝન્ટેશન તથા વિડીયોમાં આપેલ છે.
6. શાળાએ પોતાના લોગીનમાંથી શાળાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે તથા શાળામાં ચાલતા ધોરણો (કોર્ષ) અપડેટ કરવાના રહેશે. શાળા પોતાના લોગીનમાંથી પ્રોફાઇલ અને ધોરણ અપડેટ કરશે ત્યારબાદ જ તે શાળા અને શાળામાં ચાલતા ધોરણો NSP (National Scholarship Portal) પર દેખાશે. . આ માટેની પદ્ધતિ પ્રેઝન્ટેશન તથા વિડીયોમાં આપેલ છે.
7. ફ્રેશ રજીસ્ટ્રેશન માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આપને આપવામાં આવેલી શિક્ષા મંત્રાલય વાળી એકસેલ ફાઈલ નો જ ઉપયોગ કરવો.બાળકનું નામ, જન્મતારીખ ,જાતિ ,રોલનંબર, બાળકના પિતા નું નામ વગેરે વિગતો આ ફાઇલ માંથી કોપી-પેસ્ટ કરવી જેથી સ્કીમ ન આવવાના પ્રશ્નો ઉદ્ભવી ન શકે.
8. બાળકનું રજીસ્ટ્રેશન કરતા પહેલા બાળક જે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે તે માધ્યમિક શાળાના પ્રોફાઇલ અને કોર્સ અપડેટ કરવા ત્યાર બાદ જ બાળક નું રજીસ્ટ્રેશન અને એપ્લિકેશન ફોર્મ ભરવું કારણ કે ચાલુ વર્ષથી બાળકના એપ્લીકેશન ફોર્મમાં કોઈ પણ જાતની ફી ની વિગતો લખવાની રહેતી નથી. જે તે માધ્યમિક શાળામાં દર્શાવેલી ફી ની વિગતો ઓટોમેટીક બાળકના એપ્લિકેશન સાથે લિંક થઇ જશે.
9. બાળકનું એપ્લિકેશન રજિસ્ટ્રેશન વખતે શિક્ષા મંત્રાલય વાળી એક્સેલ ફાઇલમાં દર્શાવેલ નામનો જ ઉપયોગ કરવો પરંતુ એક્સેલ ફાઇલ અને આધારકાર્ડ માં બાળકનું નામ મેચ ન થતું હોય ત્યારે બાળક નું રજીસ્ટ્રેશન બેંક પાસબુક ના આધારે કરવાનું રહે છે.
10. કોઈ પણ બાળકના રજીસ્ટ્રેશન કરતા પહેલા બાળકના બેન્ક એકાઉન્ટની ખરાઇ ચોક્કસપણે કરી લેવી જેમ કે બાળક નું ખાતું ફ્રિજ કે ડોરમેન્ટ ન થયું હોય તથા બાળકનું ખાતુ આધારકાર્ડ સાથે લીંક હોય વગેરે બાબતોની ખરાઇ કરવી. આ બાબતે બાળકને કે તેના વાલીને જાણ કરીને સૂચિત કરવું.
11. દરેક બાળકના એપ્લિકેશન આઇડીમાં બાળક જે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે તે માધ્યમિક શાળાનું કે બાળકનું ઇ-મેલ આઇડી ફરજિયાત દાખલ કરવું.
12. બાળકના એપ્લિકેશન કરતી વખતે પરમેનેન્ટ હોય એવા જ મોબાઈલ નંબર નો ઉપયોગ કરવો શક્ય હોય તો માધ્યમિક શાળાના શિક્ષકો ,આચાર્ય શ્રી ના મોબાઈલ નંબર નો ઉપયોગ કરવો.

Scanned with CamScanner

13. માબાઇલ નબર બાબતે ખાસ જણાવવાનું કે ફ્રેશ રજિસ્ટ્રેશનમાં એક જ વાર મોબાઇલ અપડેટ થઇ શકે છે ત્યાર પછી ભવિષ્યમાં મોબાઈલ નંબર એડ થઇ શકશે નહી. આથી ખાસ પરમેનેન્ટ અને ઓછામાં ઓછા ચાર- પાંચ વર્ષ ચાલુ રહે એવા જ મોબાઈલ નંબરનો ઉપયોગ કરવો .

14. જે બાળક નું રજીસ્ટ્રેશન બેંક પાસબુક ના આધારે કરવામાં આવે તે બાળકનું બોનાફાઇડ સર્ટી એપ્લીકેશન ફોર્મની છેલ્લીથી પ્રિન્ટ કરવાનું રહેશે જરૂરી કાર્યવાહી કરી સ્કેન કરી પાછું અપલોડ કરવાનું રહેશે આ પ્રક્રિયા બાદ જ બાળકની એપ્લીકેશન SUMBIT કરવાની રહેશે.

15. રજીસ્ટ્રેશન સમયે કોઈપણ જાતની ઉતાવળ ન કરવી વિગતો ભરવામાં કોઇ ખોટી સ્પેસ ન પડી જાય એ ખાસ ધ્યાને લેવું.

16. બેંક ડીટેલ ની વિગતો દાખલ કરવામાં ચોકસાઇ જાળવવી દરેક બેન્ક નો આઈએફસી કોડ નો પાંચમો અક્ષર હંમેશા શૂન્ય(0) જ હોય છે.

17. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા ઘણી બધી બેંકો મર્જ કરવામાં આવેલ છે જેથી બાળકોના બેન્ક એકાઉન્ટ વિગતો આજની તારીખની બેંક પાસબુકમાં નવેસરથી પ્રિન્ટ કરાવી જેથી કરીને બેંક અપડેશનના પ્રશ્નો હલ કરી શકાય.

18. કોઈ પણ બાળકની renewal એપ્લિકેશન કરતા પહેલા સૌ પ્રથમ બાળક જે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે તે શાળાના પ્રોફાઈલ અને કોર્ષ અપડેટ કરવા.

19. કોઈપણ સંજોગોમાં renewal એપ્લીકેશન withdraw કરવાની નથી. જો renewal એપ્લિકેશન WITHDRAW કરશો તો ત્યાર પછી બાળકની એપ્લિકેશન કરવી શક્ય નથી. જો કોઈ renewal બાળકની એપ્લિકેશન WITHDRAW કરવામાં આવશે તો તરત જ nsp પોર્ટલ પરથી બાળકનો ડેટા દૂર થશે જેથી ફરી ક્યારેય બાળકની એપ્લિકેશન કરવી શક્ય બનશે નહીં

20. Renewal એપ્લિકેશનમાં શાળા પસંદ કરવી. હાલના શાળાના ડાયસ કોડની ચકાસણી ખાસ કરવી. શાળા પસંદ કર્યા બાદ logout થવું અને ત્યારબાદ ફરીથી લોગીન થવું જો એપ્લીકેશન ફોર્મમાં શાળા દેખાય તો જ આગળ ફોર્મ ભરવું. જો આ પ્રક્રિયા નહીં કરો તો બાળકની એપ્લિકેશન થશે પરંતુ જે-તે માધ્યમિક શાળાના આઇડીમાં જશે નહીં.

21. renewal એપ્લિકેશનમાં જો કોઈ બાળકોના મોબાઈલ નંબર બંધ થઈ ગયો હોય તો ચકાસણી કરીને પરમેનન્ટ નંબર અપડેટ કરવા. ઓનલાઇન રજીસ્ટ્રેશન કામગીરી શરૂ હોય ત્યારે બાળકોના એપ્લિકેશનમાં મોબાઈલ નંબર સરળતાથી અપડેટ કરી શકાય છે.

22. RENEWAL એપ્લિકેશનમાં પણ બાળક જે માધ્યમિક શાળામાં અભ્યાસ કરે છે તે માધ્યમિક શાળાનું ઇ-મેલ આઇડી ફરજિયાત પણે દાખલ કરવું.

23. Renewal આઈડી માં ઉપર જણાવેલ શાળા પસંદગીની પ્રોસેસ નહીં કરો તો બાળકની એપ્લિકેશન જે તે માધ્યમિક શાળાના જૂના આઇડીમાં જશે અને જે હાલ આઈડી NSP PORTEL પર ડિએક્ટિવેટ થયેલ છે જેથી કરીને કે જૂના આઇડી માંથી એપ્લિકેશન પરત કરવી એ ખૂબ જ મુશ્કેલ બની શકે છે .માટે શાળા પસંદ કરવાની renewal ની પ્રક્રિયામાં ખાસ તકેદારી રાખવી logout ની જે પ્રક્રિયા દર્શાવી છે લોગ આઉટ કર્યા બાદ જો શાળા દેખાય તો જ આગળ બાળક ની એપ્લીકેશન ફોર્મ ભરવું અન્યથા શાળા સિલેક્ટ કરવી અને ત્યારબાદ logout થવું અને ત્યારબાદ પાછું લોગીન થવું અને ચેક કરવું. જો શાળા દેખાય તો જ આગળ બાળકનું એપ્લીકેશન ફોર્મ ભરીને SUMBIT કરવાનું છે.

Scanned with CamScanner

૨૪. કોઇપણ લાભાથી વિદ્યાર્થીની એપ્લીકેશન રીજેક્ટ કરતા પહેલા જિલ્લા નોડલ અધિકારીશ્રીનું માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

25. ચાલુ શૈક્ષણિક વર્ષમાં સ્કોલરશીપ માટે અપાત્ર ઠરતા હોય તેવા વિદ્યાર્થીઓની NSP (National Scholarship Portal)પર દરખાસ્ત કરવાની રહેશે નહિ.

26. <u>આવક મર્યાદા :</u>

એન.એમ.એમ.એસ.ની પરીક્ષા માટે નક્કી થયા મુજબ ઉમેદવારના વાલીની વાર્ષિક આવક ૩,૫૦,૦૦૦/-થી વધારે ના હોવી જોઇએ.

➢ <u>સ્કોલરશીપ માટે અપાત્ર ઠરતા વિદ્યાર્થીઓ માટેની કારણોની વિગત:</u>

1. ચાલુ શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ છોડી દીધો હોય.
2. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ડિપ્લોમા કે અન્ય કોઇ ટેકનિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય.
3. જે વિદ્યાર્થીઓએ ચાલુ શૈક્ષણિક વર્ષમાં ખાનગી શાળાઓ (પ્રાઇવેટ શાળા/સેલ્ફ ફાઇનન્સ શાળા), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય તથા જે શાળાઓમાં રહેવા, જમવા અને અભ્યાસની સગવડ પૂરી પાડવામાં આવતી હોય તેવી રાજ્ય સરકારની સંસ્થાઓ દ્વારા ચાલતી નિવાસી શાળામાં પ્રવેશ મેળવેલ હોય.
4. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૧ માં તૂટ વગર પ્રવેશ મેળવેલ હોય પરંતુ ધોરણ-૧૦માં ઓછામાં ઓછા ૬૦% ગુણ (જનરલ-ઓ.બી.સી. કેટેગરી) અથવા ૫૫% (એસ.સી.-એસ.ટી. કેટેગરી) ગુણ મેળવેલ ન હોય.

- ઉપરોક્ત ૧ થી ૪ પૈકી કોઇપણ કારણ ધરાવતા વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે સ્કોલરશીપ મળવાપાત્ર રહેતી નથી. આથી આવા વિદ્યાર્થીઓની NSP (National Scholarship Portal) ઓનલાઇન એપ્લીકેશન કરવાની રહેતી નથી.
- નોડલ ઓફિસરશ્રીએ તેઓના જિલ્લાની યાદીમાં વિદ્યાર્થી સ્કોલરશીપ માટે પાત્ર છે કે નહિ, અપાત્ર હોય તો કારણ, પાત્ર હોય તો NSP પર ભરાયેલ ફોર્મનો એપ્લીકેશન આઇડી, સ્કૂલ વેરીફીકેશન થયેલ છે કે નહિ, જિલ્લા વેરીફીકેશન થયેલ છે કે નહિ તેની વિગતોની એક્સલ ફાઇલમાં ડે ટુ ડે એન્ટ્રી કરી અત્રેની કચેરીને મોકલી આપવાની રહેશે.
- કોઇ માર્ગદર્શક સૂચના બાબતે વિસંગતતા હોય તો NSP પોર્ટલની સૂચનાઓ આખરી રહેશે.

Scanned with CamScanner